# Prime Minister's Meeting with Prime Minister of Israel on the sidelines of COP26 in Glasgow, UK

November 02, 2021

# ગ્લાસગો, યુકેમાં COP26 દરમિયાન ઇઝરાયેલના પ્રધાનમંત્રી સાથે પ્રધાનમંત્રીની મુલાકાત

**નવેમ્બર 2, 2021**

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ 2 નવેમ્બર, 2021ના રોજ ગ્લાસગોમાં COP26 દરમિયાન ઇઝરાયેલના પ્રધાનમંત્રી શ્રી નફતાલી બેનેટ સાથે મુલાકાત કરી હતી. બંને પ્રધાનમંત્રીઓ વચ્ચેની આ પ્રથમ મુલાકાત હતી.

બંને નેતાઓએ દ્વિપક્ષીય વ્યૂહાત્મક ભાગીદારીની સમીક્ષા કરી અને વિવિધ ક્ષેત્રોમાં થયેલી પ્રગતિ પર સંતોષ વ્યક્ત કર્યો. તેઓ ખાસ કરીને ઉચ્ચ-તકનીકી અને નવીનતાના ક્ષેત્રોમાં સહકારને વધુ વિસ્તૃત કરવા પર સંમત થયા હતા.

આવતા વર્ષે ભારત અને ઇઝરાયેલ વચ્ચે સંપૂર્ણ રાજદ્વારી સંબંધોની સ્થાપનાના 30 વર્ષ પૂરા થશે તે યાદ કરીને, પ્રધાનમંત્રીએ શ્રી બેનેટને ભારતની મુલાકાત માટે આમંત્રણ આપ્યું.

**ગ્લાસગો**
**નવેમ્બર 2, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.